# <u>ભારતમાં એફ – ૧ (ફોર્મ્યુલા – ૧) કાર રેસિંગ</u>

## ❖ <u>ઈતિહાસ</u>

- ૬૦ વર્ષ જુનો ઈતિહાસ ધરાવતી આ રેસનો પાયો ૧૯૨૦ અને ૧૯૩૦ના દાયકામાં યોજાતી યુરોપિયન ગ્રાન્ડપીક્સ મોટર રેસિંગ સુધી પહોંચે છે.
- એફ – ૧ ની ખરી શરૂઆત ૧૯૪૬માં થઈ.
- ફેડરેશન ઇન્ટરનેશનલ ઓટોમોબાઈલ્સ (FIA) એ ૧૯૪૬માં તેનું માળખું રચ્યું.
- શરૂઆતમાં ફોર્મ્યુલા – એ તરીકે જાણીતી હતી બાદમાં ફોર્મ્યુલા–૧ બની.

***<u>ફોર્મ્યુલા એ રેસિંગ કારની રચનાથી લઇ ચલાવવાની રીત, સર્કીટ ડીઝાઇન વગેરેના નીતિ–નિયમો છે.</u>***

- ૧૯૪૬માં તુરીન ગ્રાન્ડપીક્સમાં "એચીલી વારઝી વિજેતા બન્યો હતો, જેની કાર આલ્ફા–રોમિયો રેસિંગ કાર હતી.
- એફ – ૧ કાર રેસિંગ સૌથી ઝડપી કાર રેસિંગ માનવામાં આવે છે. જેમાં કાર ૨૫૦–૩૫૦ કિમી/કલાક ની ઝડપે દોડે છે.
- કારને દોડવાની સ્ટ્રીટ સર્કીટ કહેવાય છે.

## <u>ભારતમાં આયોજન</u>

- ભારતમાં ઈતિહાસમાં પ્રથમવાર ૩ દિવસીય એફ – ૧ કાર રેસિંગ ૨૦૧૧ માં ૨૮,૨૯,૩૦ ઓક્ટોબરમાં યોજાઈ.
- જેનું આયોજન દિલ્હીથી ૩૬ કિમી દુર આવેલ ગ્રેટર નોઇડા ખાતે થયું.
- ૨૦૦૦ કરોડના ખર્ચે યમુના એક્સપ્રેસ વે પર વિશ્વસ્તરની સર્કીટ તૈયાર કરવામાં આવી.
- જેને બુદ્ધદેવ ઇન્ટરનેશનલ સર્કીટ નામ આપવામાં આવ્યું. – જેમાં ૧૯ વળાંકો, ૫.૧૪ કિમી લંબાઈ છે. જેના કાર ૬૦ રાઉન્ડ મારશે.

Monday Musings (mm.rijadeja.com)

Downloaded from http://mm.rijadeja.com 

- જેપી ગ્રુપ ઓફ કંપનીએ કોન્ટ્રાક્ટ લીધો હતો.
- સર્કીટની ડીઝાઈન જર્મનીના હરમન તિલકે તૈયાર કરી.

## ❖ ફોર્મ્યુલાના નિયમો :

- એફ – કાર રેસિંગમાં કાર ડ્રાઈવર નિયંત્રિત કરે છે. પણ ડ્રાઈવરને નિયંત્રિત કરવા ૧૦ ફ્લેગ હોય છે.
- ફ્લેગને નિયંત્રિત કરનાર માર્શલ કહેવાય છે.
- ડ્રાઈવર કોકપીટમાં G P S માર્શલ સીસ્ટમ દ્વારા ફ્લેગને જોઈ શકે છે.
- આ ફ્લેગ અલગ રંગો અને ડીઝાઈન ધરાવે છે.
- કુલ ૧૦ જાતના ફ્લેગ હોય છે

1) ચેકર્ડ ફ્લેગ

- રેસ પૂરી થતા વિજેતા અને તેના પછી ટીમને બતાવાય છે.

2) બ્લેક ફ્લેગ

- રેસ વખતે નિયમનો ભંગ કરવા બદલ – રેસ્રને પાછો બોલાવવા– ગાડીનો નંબર પણ બતાવાય છે.

3) બ્લેક વિથ ઓરેન્જ ફ્લેગ

- કારની મીકેનીકલ સમસ્યા વખતે તેને પાછી બોલાવવા નંબર સાથે બતાવાય

4) બ્લુ ફ્લેગ

- કોઈ કાર ઓવરટેક કરી રહી હોય તો તેની આગળની કારને બતાવાય

5) બ્લેક એન્ડ વ્હાઈટ ફ્લેગ

- ખેલદિલી વગરના દેખાવ માટે , જો આનાથી ના માને તો બ્લેક ફ્લેગ બતાવાય

6) ગ્રીન ફ્લેગ

- રેસને શરુ કરવા તથા અટકી પડેલી રેસને આગળ વધારવા

7) રેડ ફ્લેગ

Monday Musings (mm.rijadeja.com)

➢ કોઈ કારણસર રેસ બંધ થઇ ગઈ હોય કે અકસ્માત હોય તો આ ફ્લેગ બતાવાય છે.

8) <u>રેડ એન્ડ યલો ફ્લેગ</u>

➢ ઓઈલ કે પાણી ઢોળાવાથી ટ્રેક જોખમી બન્યો હોય ત્યારે

9) <u>વ્હાઈટ ફ્લેગ</u>

➢ ટ્રેક પર સેફટી કાર કે ટોઈંગ ટ્રક પસાર થઇ રહ્યો છે તે બતાવવા

10) <u>યલો ફ્લેગ</u>

➢ આગળ જોખમ છે તેમ બતાવવા, એક વાર જોખમ બતાવે અને ૨ઈ વાર બતાવવાનો અર્થ કાર બંધ કરો.

## ❖ <u>એફ – ૧ ઓન ટ્રેક</u>

➢ કુલ ૧૨ ટીમ ભાગ લે છે. આથી ટીમના ૨–૨ ડ્રાઈવર્સ થઇ કુલ ૨૪ કાર દોડશે.

➢ ૫.૧૪ કિમી રેસ ટ્રેક – ૩૦૮ કિમી અંતર કાપવાનું – ટ્રેકના ૫૦ રાઉન્ડ મારવાના

➢ ૩ તબક્કા – ૧) પ્રેક્ટીસ સેશન ૨) ક્વાલીફાઇંગ રાઉન્ડ ૩) મુખ્ય રેસ

➢ મુખ્ય રેસ અગાઉ ટીમ – ૩૦ મિનીટ પ્રેક્ટીસ કરી શકે – બાદમાં ગોઠવાઈ જાય અને ગ્રીન ફ્લેગથી શરૂઆત થાય

➢ પ્રથમ ૩ કાર – પોડિયમ પોઝીશન લે છે. વિજેતા કારને ૨૫ પોઈન્ટ મળે. પછી ૨–૧૦ના ક્રમાંક્રમ મુજબ ૧૮, ૧૫, ૧૨, ૧૦, ૮, ૪, ૨, ૧ પોઈન્ટ મળે.

➢ એફ –૧ પૂરી સીઝન દરમ્યાન સૌથી વધુ પોઈન્ટ મેળવનારને વર્લ્ડ ચેમ્પીયનશીપની ટ્રોફી મળે.

➢ દરેક ટીમને નિયત કરેલા ટાયરનો જ ઉપયોગ કરવાનો. હાલ પીરેલી ટાયર વપરાય છે. પહેલા બ્રીજસ્તોન ટાયર વપરાતા.

➢ એફ – ૧ કાર ૨કિમી/લીટરની એવરેજ આપે છે.

Monday Musings (mm.rijadeja.com)

- રેસ દરમ્યાન જ્યાં ફ્યુઅલ કે ટાયર બદલવામાં આવે છે તેને પીપસ્ટોપ કહેવાય છે, ડ્રાઈવર ગમે તેટલીવાર ઉભી રાખી શકે છે.

## ❖ જોખમી ખેલ

- કાર રેસ દરમ્યાન નાની કોક્પીટનું તાપમાન ૫૦ ડીગ્રી જેટલું થઇ જાય છે.રેસરના શરીરમાં HYPERTHERMIYA – તાપમાન વધે આથી શરીરમાં પ્રવાહી ખતમ થઇ જાય છે.
- રેસ પૂર્ણ થાય ત્યાં સુધી રેસરનું વજન ૩–૪ કિગ્રા ઘટી જાય છે.
- આઠેક લીટર પાણી પીવે છે. ચયાપચય વધતા વધુ ઉર્જા પેદા થાય છે. બેચેની થાય છે.
- હૃદયના ધબકારા ૭૩/મીનીટની જગ્યાએ ૧૮૦/મિનીટ થાય છે.
- આમ આ કારણોસર દુર્ઘટના થવાના ચાન્સ રહે છે.

## ❖ કાર વિષે :

- કાર ૮૦ હજાર જેટલા નાના પાર્ટસની બનેલી હોય છે. જેની ચકાસણી કરવામાં આવે છે, ફેઈલ થનારને રેસમાં ભાગ લેવા દેવામાં આવતો નથી.
- એફ –૧ કાર એન્જીન માત્ર રેસ જેટલું જ હોય છે, જેનું વજન આશરે ૫૫૦ કિગ્રા હોય છે.
- ટાયરોમાં નાઈટ્રોજન ભરવામાં આવે છે, જેથી દબાણ બધી બાજુ એકસરખું રહે. ૧ સેકન્ડમાં લગભગ ૫૦ વાર ટાયર ફરે છે.
- ટાયર ખુબ ગરમા થઇ જાય છે પરંતુ રેસર માટે ફાયદો થાય કારણકે ટ્રેક ગરમા થતા ટ્રેક સાથે વધુ મજબૂતાઈ બને છે.
- કાર ૨ કિમી/લીટર ઇંધણ ખાય છે. આમ ૧ સિઝન ૨ લાખ ઇંધણનો ધુમાડો કરી કાઢે છે.

Monday Musings (mm.rijadeja.com)

## ભાગ લેનારી ટીમો

| ક્રમ | ટીમ નું નામ | ખેલાડીઓ | દેશ |
|---|---|---|---|
| ૧. | રેડ બુલ | સેબેસ્તિયન વેટલ | જર્મની |
| | | માર્ક વેબર | ઓસ્ટ્રેલીયા |
| ૨. | મેક્લૉરેન | લુઈસ હેમિલ્ટન | બ્રિટન |
| | | જેન્સન બટન | બ્રિટન |
| ૩. | ફેરારી | ફર્નાન્ડો એલાન્સો | સ્પેન |
| | | ફેલિપ મેસ્સા | બ્રાઝીલ |
| ૪. | મર્સિડીઝ | માઈકલ શુમાકર | જર્મની |
| | | નીકો રોસ્બર્ગ | જર્મની |
| ૫. | ટીમ લોટસ | જાનો તુલી | ઇટાલી |
| | | હિક્કી કોવાલીનીન | ફિનલેન્ડ |
| | | કરુણ ચંડોક | ભારત |
| ૬. | સોબર | કમુચી કોમ્બ્યાસી | જાપાન |
| | | સર્ગીયો પેરેઝ | મેક્સીકો |
| | | પેડ્રો ડી લારોસા | સ્પેન |
| ૭. | ટોરોટોરસો | જેમ્મી એલ્ગ્યુરેસેરી | સ્પેન |
| | | સેબેસ્ટિયન વ્યુંમી | સ્વીત્ઝર્લેન્ડ |
| ૮. | વિલિયમ્સ | રુબેન્સ બેરીચેલો | બ્રાઝીલ |
| | | પેસ્ટર મેલન્ડો | વેનેઝુએલા |
| ૯. | હિસ્પાનીયા | ડેનિયલ રિકાર્ડો | ઓસ્ટ્રેલિયા |
| | | વિતાનીન્તો લ્યુઝી | ઇટલી |
| | | નારાયણ કાર્તિકેયન | |
| ૧૦. | ફોર્સ ઈન્ડિયા | અદ્રિયન સુતલી | જર્મની |
| | | પોલ–ડી–રેસ્ટા | બ્રિટન |
| ૧૧. | વર્જિન | ટીમો ગ્લોક | |
| | | જેરોડ ડી | |
| ૧૨. | રેનોલ્ટ | બુનો સેના | |
| | | વિટાલી | |

Monday Musings (mm.rijadeja.com)

- ગયા વર્ષે ના વિજેતાને સચિન દ્વારા ચેકર્ડ ફ્લેગ બતાવ્યો હતો,
- આ વર્ષે ઓલિમ્પિક વિજેતા ગગન નારંગ દ્વારા ચેકર્ડ ફ્લેગ બતાવ્યો.

## ❖ સેબેસ્તિયન વેટલ – પ્રથમ ક્રમાંક

- વર્ષીય,ઇન્ડિયન ગ્રાન્ડપીક્સ નો ૨ વાર વિજેતા – વર્ષ ૨૦૧૧, ૨૦૧૨
- એફ – ૧ જર્મનીનો ૨૦૧૧ વર્લ્ડ ચેમ્પિયન ,સતત બીજીવાર બન્યો
- ૭૯ રેસમાંથી ૨૧મા વિજયી બન્યો.
- આ વર્ષે ૧૨મી જીત.
- ૨૦૧૧ માં ૭૦૦ લેપમાં આગળ રેહ્વાનો વર્લ્ડ રેકોર્ડ છે.

### ❖ ૨૦૧૨ ઇન્ડિયન ગ્રાન્ડપીક્સના અન્ય વિજેતા

- દ્વિતીય – ફર્નાન્ડો એલાન્સો – ફેરારી ટીમ
- તૃતીય – કિમી રાઈકોનેન – લોટસ
- ચતુર્થ – માર્ક્વેબર – રેડબુલ
- પાંચમો – લ્યુંઈસ હેમિલ્ટન – મેક્લોરેન

Monday Musings (mm.rijadeja.com)